# સરકારની ભરતીમાં અનામતની જોગવાઈ મુજબ નિમણૂંક કરાશે

**રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો : રાજ્ય સરકારની ભરતી-સરકાર માન્ય તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટે ૧૦ ટકા બેઠકો આર્થિક અનામતના યુવાનો માટે રહેશે : નીતિન પટેલ**

અમદાવાદ,તા.૨૩

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે આર્થિક રીતે પછાત વર્ગના યુવાઓ-વિદ્યાર્થીઓને સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે કેન્દ્ર સરકારે ૧૦ ટકા આર્થિક અનામત આપવાનો કાયદો બનાવ્યો છે. તે અન્વયે ગુજરાત સરકારે પણ સમગ્ર દેશમાં પ્રથમવાર આ કાયદાનો અમલ કરવાનો નિર્ણય કરીને વાર્ષિક ૮.૦૦ લાખથી ઓછી આવક ધરાવતા સવર્ણ સમાજના આર્થિક રીતે નબળા યુવાનોને ૧૦ ટકા આર્થિક અનામતનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે. આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષ સ્થાને મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ મહત્વના નિર્ણયની વધુ વિગતો આપતા નાયબ મુખ્યમંત્રી પટેલે ઉમેર્યું કે, કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં સામાજિક સમરસતા માટે આર્થિક અનામત આપવા માટેના જે ધારાધોરણો નક્કી કરાયાં છે તે મુજબ ગુજરાતમાં પણ આર્થિક રીતે નબળા યુવાનોને સહાયરૂપ થવાં મંત્રી મંડળના સભ્યો, સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી આ મહત્વનો નિર્ણય કર્યો છે. પટેલે ઉમેર્યુ કે, કેન્દ્ર સરકાર દ્વારા ૧૦ ટકા આર્થિક અનામત આપવા માટે વાર્ષિક ૮.૦૦ લાખની આવક સાથે જમીન માલિકી તથા રહેણાંકના ઘરની માલિકી અથવા ખુલ્લા પ્લોટની માલિકી ધરાવવી એવી વિવિધ જોઈગવાઈઓ સાથે કેન્દ્ર સરકારની નોકરીઓમાં અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે ધારાધોરણો રાખ્યા છે પરંતુ ગુજરાત સરકારે ફક્ત આવકનું એક જ ધોરણ રાખી વાર્ષિક ૮.૦૦ લાખથી ઓછી આવક ધરાવતાં સવર્ણ સમાજના પરિવારના યુવાનોને સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થામાં પ્રવેશ માટે આર્થિક અનામતના લાભો આપવાનો નિર્ણય કર્યો છે. આ માટે ટુંક સમયમાં મંત્રીમંડળે કરેલા નિર્ણય પ્રમાણે રાજ્ય સરકારનું નોટીફીકેશન બહાર પડશે. પટેલે ઉમેર્યુ કે, વાર્ષિક ૮.૦૦ લાખની આવકમાં ઉમેદવાર પોતે તેમના માતા-પિતા અને ૧૮ વર્ષથી ઓછી ઉંમરના ભાઈ-બહેનની આવક ગણવામાં આવશે. આ આવકમાં કોઈ પણ નોકરીનો પગાર, ખેતીવાડીની આવક, ધંધા-વ્યવસાયની આવક વિગેરે સહિત ગણવામાં આવશે.



સાયલન્ટ ગાંધીનગર - વાયબ્રન્ટનો નજારો હજુ તો આંખ સમક્ષ તરવરે છે ત્યારે ગાંધીનગરનો એક એવો પણ વિસ્તાર છે જ્યાં સરકારી મકાનો પડવાના વાંકે ઉભા છે... ખંડેર હાલતમાં મુકાયેલા મકાનો જાણે લાચાર સ્થિતિમાં ઉભા હોય તેવું સ્પષ્ટ ચિત્ર તસવીરમાં ઉભું થાય છે... કાળજીના અભાવે ખાલી અને ખંડેર મકાનો અસામાજીક પ્રવૃત્તિઓનો અડ્ડો બનતા જાય છે... બારી-બારણાની ચોરી કે નળ-ગટરના ઢાંકણા ખુલ્લેઆમ ચોરાઈ રહ્યા છે... ક્યાંક ક્યાંક તો દારૂ છુપાવવા માટેના સ્થળો પણ બનતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે... સવાલ એક જ છે તાકિદે નિકાલ થવો જોઈએ અથવા તો તેની કાળજીપૂર્વકની જાળવણી થવી જોઈએ...

# રોગચાળા સામે તંત્રની સતર્કતા અત્યંત જરૂરી : કમિશનર

ગાંધીનગર, તા. ૨૩

સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોને પગલે શહેરના આરોગ્યતંત્રને સતર્ક બની અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણે આજે જણાવ્યુ છે.

મનપાના આરોગ્યતંત્રની સંકલન સમિતિની બેઠકને સંબોધતાં તેમણે પાણીજન્ય તેમજ વાહકજન્ય રોગચાળા માટે પણ સતર્કતાથી નજર રાખવા જણાવ્યુ છે. ચિકનગુનિયાના છુટાછવાયા દેખાયેલા કેસો અંગે તેમણે ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. જો કે મેલેરિયાના કેસોમાં નોંધાયેલા ઘટાડાને લઈ સંતોષ પણ વ્યક્ત કર્યો હતો.

તેમણે કહ્યુ કે શરદી-કફના દર્દીઓની સારવાર ઝડપી કરી અને તેને કેટેગરીમાં વિભાજીત કરી નિયમિત રીતે ફોલોઅપ લેવાય તે રીતે મોનીટરીંગ કરવુ જોઈએ.

શહેરમાં માતા મરણ, બાળ મરણ ઘટાડવાના તંત્ર દ્વારા થયેલા પ્રયાસોના સઘનીકરણ પર તેમણે ભાર મુક્યો હતો. સરકારી સંસ્થાઓમાં પ્રસુતિ વધે તેવો આગ્રહ કર્યો હતો. બાલસખા યોજનાનો વ્યાપ વધે તે માટે પણ તેમણે કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા.

નાના ભૂલકાઓનું સમયસર રસીકરણ થાય તે જોવા પણ તેમણે આગ્રહ કર્યો હતો.

આરોગ્ય સેવાઓના સઘનીકરણની સાથે સાથે સર્વેલન્સની કામગીરીનું મહત્વ સમજાવી તેમાં કોઈ ચુક ના રહી જાય અને સમયસર સૌને સારવાર ઉપલબ્ધ બને તે જોવા જણાવ્યુ હતુ. આ બેઠકમાં મેડીકલ ઓફીસર હેલ્થ ડૉ. કલ્પેશ ગોસ્વામી ઉપરાંત અર્બન હેલ્થના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુડાની આવાસ યોજનાના ૧૫ હજાર ફોર્મનુ વિતરણ

**હજુ ૩૧ જાન્યુઆરી સુધી ફોર્મ વિતરણ કરાશે : ફેબ્રુઆરીમાં ફોર્મ જમા કરાવાનુ રહેશે**

ગાંધીનગર તા ૨૩

ગુડા દ્વારા સરગાસણ અને કુડાસણમાં એલ આઈ જી આવાસો નવા તૈયાર કરવા માટે આયોજન કરાયુ છે. જેને અનુલક્ષીને અંદાજિત ૭૩૮ જેટલા મકાનો તૈયાર કરવામાં આવશે. હાલ આ આવાસ યોજનાના લાભાર્થીઓ માટે ફોર્મનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જયારે અત્યાર સુધીમાં ૧૫ હજાર જેટલા ફોર્મનુ વિતરણ કરી દેવાયુ છે. જો કે હજુ આગામી તા ૩૧ જાન્યુઆરી સુધી ફોર્મનુ વિતરણ કરવામાં આવશે. જયારે ફેબ્રુઆરીમાં ફોર્મ ભરીને સુપ્રત કરવાની પ્રક્રીયાના અંતે લાભાર્થીઓનો આંકડો આખરી થયા બાદ આગળની પ્રક્રીયા હાથ ધરાશે.

ગુડા દ્વારા અત્યાર સુધીમાં રાયસણ , ચિલોડા અને અડાલજમાં ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો તૈયાર કરવામાં આવ્યા છે. જયારે હાલ આ આવાસોમાં રહીશોનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. પરંતુ હજુ પણ લાભાર્થીઓ માટે નવા આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યમાં ફરી કોલ્ડવેવની ચેતવણી : નલિયામાં ૬.૮

**ઠંડીમાં એકાએક વધારો થવાની ચેતવણી જારી**

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં ફરી એકવાર કોલ્ડવેવની ચેતવણી અથવા તો તાપમાન ખુબ નીચું જવા માટેની ચેતવણી જારી કરવામાં આવતા લોકો ફરી એકવાર સાવધાન બન્યા છે. ઠંડીની ધીમે ધીમે પૂર્ણાહૂતિ થઈ રહી છે ત્યારે હવામાન વિભાગ તરફથી ફરી એકવાર કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-કચ્છ ખાસ કરીને કચ્છ, રાજકોટ, ભાવનગર, પોરબંદરમાં કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવી છે. બીજી બાજુ લઘુત્તમ તાપમાનમાં પણ ઘટાડો થયો છે. આજે નલિયા ઠંડુગાર રહ્યું હતું. અહીં તાપમાન ગગડીને ૬.૮ ડિગ્રી નીચે પહોંચી ગયું હતું. અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૧૨.૬, ડિસામાં ૧૦.૮ અને ગાંધીનગરમાં ૧૧, કંડલા એરપોર્ટમાં ૧૦.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. તાપમાન ઉંચુ હોવા છતાં ઠંડીનો ચમકારો દેશના અન્ય ભાગોની જેમ જ ગુજરાતમાં પણ અનુભવાઈ રહ્યો છે. દિલ્હી અને એનસીઆરમાં વરસાદ તેમજ હિમાચલપ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષાની સીધી અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના કહેવા મુજબ આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં બે ત્રણ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા તથા દિલ્હી અને એનસીઆરમાં હાલમાં વરસાદના પરિણામ સ્વરુપે તેની અસર અમદાવાદ શહેરમાં પણ જોવા મળે તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોમવારના દિવસે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છના જુદા જુદા ભાગોમાં કમોસમી વરસાદના પરિણામ સ્વરૂપે ફરી એકવાર ખેડુતો અને સામાન્ય લોકો આશ્ચર્યમાં પડી ગયા હતા. કમોસમી વરસાદના લીધે ખેડુતોને જીરૂ અને શિયાળા પાકને ભારે નુકસાન થવાની શક્યતા છે. આ પ્રકારના કમોસમી વરસાદના કારણે ખેડુતોની ચિંતામાં વધારો થયો છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૧૨.૬ ડિગ્રી રહ્યું હતું. ગાંધીનગર- અમદાવાદ શહેરમાં આજે વહેલીસવારથી જ ઠંડા પવનો ફુંકાયા હતા. જો કે, ગુજરાતની સાથે સાથે દિલ્હી અને એનસીઆર તેમજ અન્ય મેદાની ભાગોમાં પડતા તેની અસર જોવા મળી હતી.

# અડાલજ ટી પી વિસ્તારમાં ૧૮ કરોડના ખર્ચે પાણીના પ્રોજેકટનુ કામ હાથ ધરાશે

**પાણીની ટાંકી , સંપ તેમજ પાઇપલાઇનની કામગીરી પણ એક વર્ષમાં પુર્ણ કરાશે**

ગાંધીનગર તા ૨૩

ગુડા દ્વારા અડાલજ ટી પી વિસ્તારમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે નવી ટાંકી સંપ તેમજ પાઈપલાઈન સહીતનુ કામ હાથ ધરાશે. જયારે આ યોજના પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે. આ યોજનાના અંતે આ વિસ્તારના રહીશોને પીવાનુ પાણી સરળતાથી અને ફોર્સથી ઉપલબ્ધ થશે.

ગુડા દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિકાસના અનેક વિધ પ્રોજેકટો અન્વયે કામગીરી હાથ ધરવામાં આવી છે. ગાંધીનગરની જેમ ગુડા વિસ્તારમાં પણ ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ અપાયો છે. જેને અનુલક્ષી ગુડા વિસ્તારમાં નવા ઉદ્યાનોનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. એકબાજુ ટી પી વિસ્તારમાં પણ રસ્તા અને સ્ટ્રીટ લાઈટના કામો હાથ ધરાયા છે.જયારે તબક્કાવાર રસ્તાના

● અનુસંધાન પાન-૭ પર



અવસર વિત્યો ને... - વાયબ્રન્ટ સમિટની ઝાકઝમાળ પૂરી થતાંની સાથે જ એક્ઝીબિશન સેન્ટર, રાજમાર્ગો, ટ્રાફિક સુવિધા તમામ સ્થાનો પર બધું રમણભમણ દેખાય છે... ટ્રાફિક વ્યવસ્થાના ડંડાની હાલત બેહાલ થઈ છે... ફુટપાથના પ્લાસ્ટર ઉખડી ગયા છે... ડંડા નમી ગયા છે... ક્યાંક ક્યાંક કુંડા ભંગાર હાલતમાં પડ્યા છે... આમ અવસર વિત્યા બાદ ઠેર ઠેર રમણભમણ જોવા મળે છે...

# બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત આજે ડીડીઓ એવોર્ડ સ્વીકારશે

ગાંધીનગર, તા. ૨૩

આજે દિલ્હી ખાતે બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કેટેગરીમાં ગાંધીનગર જિલ્લાની થયેલી પસંદગી પછી એવોર્ડ જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયા સ્વીકારશે.

મહિલા-શિક્ષણ અનો સમજ કેટેગરીમાં જિલ્લાએ કરેલી નોંધનીય કામગીરીની નોંધ ભારત સરકારે લીધી છે. આ માટે દેશમાંથી ૧૬ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે જે પૈકી ગાંધીનગર એક છે.

દિલ્હી ખાતે યોજાયેલ સમારોહમાં ભાગ લેવા કોયા દિલ્હી જશે અને સાંજે હવાઈ માર્ગે પરત ફરશે. જિલ્લાની થયેલી પસંદગીથી મહિલા સશક્તિકરણની કામગીરીને નવી દિશા મળશે.

# કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા માટે રચાયેલ ‘‘દિશા’’ની નિયમિત બેઠકો યોજવા તાકિદ

**કેન્દ્રએ સરકારને ખખડાવી તો સરકારે અધિકારીઓ અને તંત્રનો કાન પકડી કહ્યુ**

ગાંધીનગર, તા. ૨૩

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કેન્દ્રીય યોજનાઓના અમલીકરણ અંગે સાંસદના અધ્યક્ષપદે યોજવાની થતી ‘‘દિશા’’ની બેઠકો નિયમિત રીતે નહિ મળતી હોવાની વાતને લઈ કેન્દ્ર તરફથી રાજ્યનો ઉઘડો લેવામાં આવતાં રાજ્ય સરકારે પણ આ મુદ્દે જિલ્લાઓના તંત્રને ઠપકો આપી અને તાકીદે બેઠકનું આયોજન કરવાની સૂચનાઓ આપી છે.

મળતી વિગતો પ્રમાણે તાજેતરમાં આ બાબતનો પડઘો રાજ્યમંત્રી મંડળની બેઠકમાં પણ પડ્યો હતો. આ ઉપરાંત સચિવોની મળતી બેઠકમાં પણ છવાયો હતો.

ડીસ્ટ્રીક્ટ કોર્ડીનેશન એન્ડ મોનીટરીંગ કમિટીની રચના કરાઈ છે અને તેની બેઠક સાંસદશ્રીના અધ્યક્ષપદે દર ત્રણ માસે યોજવાની થતી હોય છે, પરંતુ આ માટે ચાર ક્વાર્ટરની ચાર બેઠકો થાય પરંતુ રાજયના વિવિધ જિલ્લાઓમાં આ સૂચનાનું પાલન થતુ નથી.

કેટલાક જિલ્લાઓમાં તો માત્ર એક જ ક્વાર્ટરની બેઠક થઈ છે તો ૧૦ જિલ્લાઓમાં બે બેઠકો થઈ છે.

આ મુદ્દે ભારત સરકારે લેખીતમાં તેમજ વિવિધ વિડીયો કોન્ફરન્સોમાં સૂચનાઓ આપ્યા છતાં પણ પાલન થતુ નથી એટલુ જ નહિ આવી બેઠકોનું વેબસાઈટો પર અપડેટેશન પણ થતુ નથી. આથી રાજ્ય સરકારે જિલ્લાઓના અધિકારીઓનો કાન પકડીને કહ્યુ છે કે તાત્કાલિક બેઠકો બોલાવો એટલુ જ નહિ તેનુ અપડેટેશન પણ થાય તે જરૂરી છે.

ગ્રામ વિકાસ એજન્સી ઉપરાંત કેન્દ્ર પુરસ્કૃત લગભગ ૩૦થી વધુ યોજનાઓની સમીક્ષા આ બેઠકમાં થતી હોય છે. ખાસ કરીને આવાસ યોજનાઓ, આરોગ્યની યોજનાઓ, રેલવે, પોસ્ટલની સુવિધાઓ સહિતની બેઠકમાં ચર્ચાઓ થતી હોય છે અને તેમાં કેટલાક મહત્વના સૂચનો પણ થતા હોય છે. જેથી અમલવારીમાં ગતિ આવી શકે એટલુ જ નહિ કેન્દ્રમાંથી યોજનાઓના અમલીકરણમાં નાણાંકીય ગ્રાન્ટ પણ સમયસર મળી શકે તેવી ચોક્કસ હકીકતો પણ ઉપલબ્ધ થતી હોય છે.

# પીંપળજ ગામમાં પશુઓ ખરવા-મોવાસાના રોગચાળાની ઝપટમાં

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકાના પીંપળજ ગામે મહામૂલા પશુધનમાં ખરવા મોવાસાના રોગચાળાએ દેખા દેતાં જિલ્લા પશુપાલનતંત્ર દોડતુ થયુ છે. આ રોગને પગલે પશુપાલકોમાં પણ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ખરવા મોવાસાનો આ રોગ ચેપી છે અને પીંપળજ ગામના ૭ થી ૧૦ જેટલા પશુઓમાં તેની અસર જોવા મળી છે. જિલ્લા પશુપાલન તંત્રની

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



અમારા નાનાભાઈ **ગજેન્દ્રકુમાર મોહનલાલ ચોક્સી** તા. ૨૩/૧/૨૦૧૯ને બુધવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.
**સદ્દગતનું બેસણું તા. ૨૪/૧/૨૦૧૯ને ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.
**(લૌકિક વ્યવહાર બંધ છે.)**

**સ્થળ : પ્લોટ નં. ૮૫૨/૨, સેક્ટર-૨/સી, ઘ-રોડ, ગાંધીનગર. મો. ૯૬૨૪૪ ૪૭૨૧૦**

લી.
**સોની સુરેન્દ્રભાઈ મોહનલાલ**
પાટડીયા મનીષકુમાર શશીકાન્તભાઈ — પાટડીયા મૌલીકા મનીષકુમાર
સોની જીગ્નેશકુમાર કૃષ્ણકાન્તભાઈ — સોની પાયલ જિગ્નેશકુમાર
આડેસરા અલ્પેશકુમાર જગદીશચંદ્ર — આડેસરા હિરલ અલ્પેશકુમાર

**પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.**
**સોની વીઠ્ઠલદાસ ખીમચંદભાઈ (અમદાવાદવાળા)**


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com